
# ૮ : હું તો મોટો થઈશ !
















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ૧. જવાબ આપો.

- ચંપલ સીવે / બનાવે તેને શું કહેવાય ?
- ઘર કોણ ચણે છે ?
- કરવત કોનું ઓજાર છે ?
- વાળ કાપે તેને શું કહેવાય ?
- વાહન ચલાવે તેને શું કહેવાય ?
- આકાશમાં વિમાન કોણ ઉડાડે છે ?
- બીમાર પડીએ ત્યારે દવા લેવા કોની પાસે જઈએ છીએ ?
- માટલાં કોણ બનાવે છે ?
- તમારા પપ્પા શું કામ કરે છે ?
- ખેતરમાં અનાજ કોણ પકવે છે ?
- ગાયો ચરાવનારને શું કહેવાય ?
- કપડાં સીવડાવવા કોની પાસે જશો ?

## ૨. ઓળખો અને રંગ પૂરો.





ઝ




હ






ઘ




ળ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in








ઊ

ઉ

## ૩. રમત





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. આંગળી ફેરવો :

ઝ ઘ હ ળ

૫. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | ઝ | ઝ |
| | | | | | |
| | | | ઘ | ઘ | ઘ |
| | | | | | |
| હ | હ | હ | હ | હ | હ |
| | | | | | |
| ળ | ળ | ળ | ળ | ળ | ળ |
| | | | | | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ુ ુ ુ ૂ ૂ ૂ

રુ રૂ ઉ ઉ ઊ ઊ

ઘુ ઘૂ દુ દૂ ળુ ળૂ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ૬. સાંભળો અને બોલો.

| | |
|---|---|
| હળ ચલાવે.<br>ખેડૂત હળ ચલાવે.<br>ખેતર ખેડી અનાજ પકવે.<br>ખેડૂત ખેતી કરે. | કાતર રાખે.<br>કાંસકી રાખે.<br>વાળંદ વાળ કાપે. |
| દરજી ઝભલું બનાવે.<br>ખમીસ સીવે, બટન ટાંકે.<br>દરજી સલવાર બનાવે. | એરણ પર ઘા કરે.<br>લુહાર ખીલા ઘડે.<br>લુહાર દાતરડું ઘડે.<br>લુહાર કોદાળી ઘડે. |
| સહુનાં કામ સારાં.<br>સહુનાં કામ મોટાં. | |

## ૭. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| ઝાડ | | ઘડિયાળ | |
| હરણ | | નળ | |
| હુકમ | | ઉતરડ | |
| ઘર | | ઉજાસ | |
| ઘુવડ | | ઊન | |

ગોવાળ ગાય ચારે.

ખેડૂત ખેતર ખેડે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લુહાર દાતરડું ઘડે.

વણકર કાપડ વણે.

કડિયો મકાન ચણે.

૮. જોડકણાં સાંભળો, ગાઓ અને ચિત્ર શોધી ચોંટાડો.

હળ ચલાવે, ખેતર ખેડે,
માટી ખાતર નાખે;
ઠંડી, ગરમી સહન કરીને,
ધરતી લીલી રાખે.

લાંબી લાકડી ખભે રાખી,
ગોવાળ ગાયો ચારે.
પેટ ભરીને ઘાસ ચરાવી,
સાંજે પાછો આવે.

છાતી ઉપર ભૂંગળી મૂકે,
ડૉક્ટર તાવ માપે.
જીભ તપાસે, આંખ તપાસે,
પછી દવા આપે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભારે મોટો ઘણનો ઘા,
એરણ માથે પડતો.
લુહાર ટીપે ગરમ લોઢું,
ખીલા સાંકળી ઘડતો.

સુથારભાઈ લાકડું લઈને,
કરવત વડે કાપે.
ટેબલ-ખુરશી કરવા માટે,
આડું-ઊભું માપે.

દરજી મારું શર્ટ સીવે ને,
ઉપર બટન ટાંકે.
બેન માટે ઘાઘરી સીવે,
ઉપર આભલાં રાખે.

કુંભારની લાકડીએ કેવો,
ચાકડો ફરતો જાય.
કૂંડી કૂંડી મટકાં સાથે,
દોણા-દોણી થાય.

કડિયો મોટો કારીગર ને
મકાન મોટાં બાંધે.
ઈંટો ઉપર ઈંટો રાખી,
સિમેન્ટ વડે એ સાંધે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શિક્ષકો માટે

- ચિત્ર પરથી વિદ્યાર્થીઓને વાર્તા સંભળાવો.

ભોલુ પપ્પા સાથે સ્કૂટર પર ફરવા નીકળ્યો.

રસ્તામાં ગોવાળ મળ્યો.

ભોલુ કહે, ''પપ્પા, જુઓ, ગાયો ચરાવવાની કેવી મઝા !

હું તો ગોવાળ બનીશ.''

પપ્પા કહે, ''હા ભાઈ''

આગળ જતાં લુહારને જોયો.

ભોલુ કહે, ''પપ્પા આ કોણ ?''

પપ્પા કહે, 'લુહાર'.

ભોલુ કહે, ''હું તો લુહાર બનીશ. હથોડાથી લોઢું ટીપવાની કેવી મઝા!''

(આગળ જતાં મળતા સુથાર, ડ્રાઇવર, કુંભાર, મોચી, વાળંદ, કડિયા, દરજી, ડૉક્ટર, પાઇલોટ, ટ્રાફિક પોલીસ, શિક્ષક, ફુગ્ગાવાળો વગેરે તમામ વ્યવસાયકારો વિશે આ રીતે વાર્તા આગળ વધારવી.)

ઘર પાસે એક ફુગ્ગાવાળો ઊભો હતો. પપ્પાએ ફુગ્ગો અપાવ્યો.

ભોલુ ખુશ થઈ બોલ્યો : ''ફુગ્ગા વેચવાની કેવી મઝા! હું તો ફુગ્ગાવાળો બનીશ.''

ઘરે પહોંચતાં મમ્મીએ બૂમ પાડી, ''બેટા ભોલુ. હાથ-પગ ધોઈને જમી લે. ખાઈશ નહિ તો મોટો કેમ કરતાં થઈશ ?''

ભોલુ ખુશ થઈ બોલ્યો, ''પપ્પા ચાલો જમવા. હું તો જલદી-જલદી મોટો થઈશ!''

(૧) નમૂનાના પ્રશ્નો મુજબ પ્રશ્નોત્તરી કરી કુટુંબના અને મિત્રોના કુટુંબના વ્યવસાય વિશે પ્રશ્નોત્તરી આગળ વધારવી. દરેક વ્યવસાય સારા, સરખા અને મહત્ત્વના છે તે જણાવો.

(૨) આપેલ ચિત્રમાં લખેલા મૂળાક્ષરોને ઓળખી નીચે આપેલ મૂળાક્ષર શોધાવી તેમાં પેન્સિલરંગો કે મીણિયા રંગ પૂરાવો. ચિત્રમાંથી 'ઊ' અને 'ઉ'ની ઓળખ કરાવી નિશાની કરાવવી અથવા રંગ પૂરાવો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૩) મૂળાક્ષર ઓળખની મેદાની રમત રમાડો. બાળક આગળના ખાનામાં કૂદતું જાય અને જે-તે ખાનાનો મૂળાક્ષર મોટેથી બોલતું જાય. ઠીકરીની રમત મુજબ પણ રમાડી શકાય.

(૪) મૂળાક્ષર પર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવા કહો.

(૫) અનુલેખન કરાવો.

(૬) આપેલાં વાક્યો મોટેથી વાંચીને સંભળાવવાં અને વિદ્યાર્થીઓ પાસે બોલાવવાં.

(૭) આપેલ શબ્દો અને વાક્યોનું અનુલેખન કરાવો.

(૮) અહીં આપેલાં જોડકણાં ગવડાવવાનાં છે. વિદ્યાર્થી સાંભળશે અને ઝીલગાન કરશે. આપેલ બૉક્સમાં વિદ્યાર્થીઓને જે-તે વ્યવસાયકારોનાં ચિત્રો મેળવી ચોંટાડવા કહો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ઝ, હ, ઘ, ળ | હ્રસ્વ 'ઉ', દીર્ઘ 'ઊ' | • વિવિધ વ્યવસાયનું મહત્ત્વ સ્વીકારે અને સન્માન કરે. |

◆

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in